## સંક્ષિપ્ત સમાચાર

### અકસ્માતમાં ઇજા પામેલા પલસાણાના કરણના વૃદ્ધનું મોત



પલસાણા : 9 જાન્યુઆરીએ પલસાણાના કરણ ગામના વૃદ્ધને અકસ્માત નડતાં તેમને ઇજા પહોંચી હતી. આજે તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. કરણ ગામના 60 વર્ષીય મગનભાઈ નારણભાઈ મિસ્ત્રી ગઇ તારીખ 9મી જાન્યુઆરીના રોજ તેમની મોપેડ નંબર GJ-19 BC-3538 પર અમદાવાદથી મુંબઈ તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમને કોઇ વાહને અડફેટે લીધા હતાં. જેમાં તેમને ગંભીર ઇજા થતાં ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડાયા હતાં જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. કરણ ગામ નજીક હાઇવે પર અવારનવાર અકસ્માત થતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગામના વધુ એક રહેવાસીનું માર્ગ અકસ્માતમાં મોત થતાં ગ્રામજનોમાં ભારે શોક સાથે રોષની લાગણી જોવા મળી રહી છે. સ્થાનિકો દ્વારા હાઈવે પર વધતા અકસ્માતોને લઈને યોગ્ય સુરક્ષા વ્યવસ્થાની માંગ ઉઠાવવામાં આવી રહી છે.

### 10 માસથી વોન્ટેડ નંદાવની મહિલા બુટલેગર ઝડપાઈ

હથોડા: કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના નંદાવ ગામના રાજપૂત ફળિયાની લિસ્ટેડ મહિલા બુટલેગર દિવાળીબેન બાલુભાઈ દામજીભાઈ વસાવાની સામે દસ મહિના પહેલા કોસંબા પોલીસ મથકમાં દારૂ પકડાયાનો કેસ થયો હતો અને દસ મહિનાથી વોન્ટેડ હતી. આખરે સુરત જિલ્લા એલસીબી પોલીસે ધરપકડ કરી હતી.

### સાયણમાં અજાણ્યા આધેડની લાશ મળી

સાયણ: સાયણ ટાઉનના કાશી ફળિયા રોડ પર આવેલી એક દુકાનના ઓટલા પરથી ૪૫થી ૫૦ વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. ભંગારનો વ્યવસાય કરતા તાજ મોહમ્મદ શેખે આ અંગે ઓલપાડ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી પીએમ અર્થે ખસેડી છે. પીએસઆઈ એસ.જે.ચૌધરી મૃતકના વારસદારોની શોધખોળ અને મોતનું સચોટ કારણ જાણવા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### પીપોદરા નજીક વાહન અડફેટે ઘાયલ યુવાનનું મોત

હથોડા: પીપોદરા નજીક હાઈવે પર અજાણ્યા વાહનને રસ્તો ક્રોસ કરતા 35થી 40 વર્ષના અજાણ્યા યુવાનને ટક્કર મારતાં શરીરે ગંભીર ઇજા પહોંચતાં 108 મારફતે સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### કોઠવા ગામે વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત યોજાયું



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોઠવા ગામે રૂ.62 લાખના ખર્ચે નવા બનેલા શાળાના ઓરડાનું લોકાર્પણ તેમજ સીસી રોડ અને પેવર બ્લોકનું ખાતમુહૂર્ત માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોઠવા ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

### આમલીદાબડા ગામે પ્રાથમિક શાળાના ઓરડાઓનું ખાતમુહૂર્ત કરાયું



વિનોદ મૈસુરીયા

વાંકલ: ઉમરપાડાના નવાચકરા ગામે રૂ.૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા આરોગ્ય કેન્દ્ર સબ સેન્ટરનું લોકાર્પણ તથા આમલીદાબડા ગામે રૂ.૬૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર પ્રાથમિક શાળાના ૬ ઓરડાનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત મહિલા અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન દરિયાબેન વસાવા, કારોબારી અધ્યક્ષ ગુલાબભાઈ વસાવા, તાલુકા ભાજપ મહામંત્રી વિજયભાઈ વસાવા, તાલુકા પંચાયતના પ્રમુખ રમેશભાઈ વસાવા, પૂર્વ જિલ્લા સંગઠન મંત્રી રામસિંગભાઈ વસાવા, તાલુકા હેલ્થ ઓફિસર સરપંચ પાર્વતીબેન વસાવા તેમજ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# પેલાડ બુહારીમાં જળસંકટ: લોકો અકળાયા, પાણી નહીં તો વેરો નહીં

**એક** વર્ષથી મોરા ફળિયાની પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન, રહીશોમાં રોષ

વાલોડ: વાલોડ તાલુકાના પેલાડ બુહારી ગામે ભર શિયાળે પાણીની સમસ્યા સર્જાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. તો બીજી તરફ મોરા ફળિયામાં પાણીની ટાંકી હોવા છતાં રહીશો છેલ્લા એક વર્ષથી પાણી માટે વલખા મારી રહ્યા છે. પંચાયતના સત્તાધીશોને અનેક રજૂઆત કરવા છતાં સમસ્યાનું સમાધાન ન આવતાં હવે સ્થાનિકોએ પાણી વેરો ભરવાની સ્પષ્ટ ના પાડી દીધી છે અને જરૂર પડશે તો પંચાયત કચેરીએ ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગત મુજબ વાલોડ તાલુકાના પેલાડ બુહારી ગામમા છેલ્લા કેટલાક સમયથી ગ્રામજનો પાણીને લઈ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે. ગામમાં સમયસર પાણી ન મળતાં ગ્રામજનોએ પંચાયતના સત્તાધીશોને રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગામમાં બપોરના સમયે પાણી આપવામાં આવે તો લોકો નોકરી અર્થે બહાર હોવાથી પાણીનો સમય બદલી સવારે 6 વાગ્યે પાણી આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે. તો બીજી તરફ મોરા ફળિયામાં તો પાણીની ટાંકી હોવા છતાં ફળિયાના રહીશો છેલ્લા એક વર્ષથી પાણી માટે વલખા મારી રહ્યા છે. ઘરે ઘર નળ તો છે, પણ તેમાં પાણી ન આવવાથી શોભાના ગાંઠિયા સમાન બન્યા છે. જે અંગે સ્થાનિકોએ સરપંચ અને તલાટીને પણ રજૂઆત કરી છે. છતાં આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. જો ભર શિયાળામાં જ આ સમસ્યા છે, તો ઉનાળામાં તો હાલત હજુ પણ ખરાબ થાય તો નવાઈ નહીં. આ અંગે આજરોજ ફરી એકવાર સ્થાનિકોએ પંચાયત કચેરીએ લેખિત ફરિયાદ કરી છે અને જણાવ્યું છે કે જો આ સમસ્યાનું સત્વરે નિરાકરણ ન આવશે તો પાણી વેરો ભરવામાં આવશે નહીં અને જરૂર પડ્યે પંચાયત કચેરીએ પ્રતીક ધરણા અંગેની પણ ચીમકી ઉચ્ચારી છે.

### મોરથાણાની વિશ્વભારતી સ્કૂલની સફાઇ કર્મીની લાશ મળી

કામરેજ: કામરેજના મોરથાણા ગામે જૂના હળપતિવાસમાં રહેતા અને હાલ ગામમાં જ આવેલી વિશ્વભારતી સ્કૂલમાં સાફસફાઈના કર્મચારીના રૂમ નં.6માં છેલ્લાં ત્રણ વર્ષથી રહી સ્કૂલમાં સાફસફાઈનું કામ કરતાં હતાં. ઉત્તરાયણની રજા હોવાથી અન્ય કર્મચારીઓ રજા પર હતા અને તારાબેન રૂમ પર એકલા જ હતા. સાથે રૂમમાં રહેતાં પાયલબેન રજા પૂરી થતાં વતનમાંથી આવીને સાંજના 4.30 કલાકે દરવાજો ખખડાવતાં દરવાજો ન ખોલતાં સ્કૂલમાં મેનેજરને જાણ કરી હતી. બાદ મેનેજરે બારીમાંથી રૂમમાં પ્રવેશી અંદર જોતાં બાથરૂમની ચોકડીમાં તારાબેનને મૃત હાલતમાં જોતાં કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં કયાં કારણોથી મહિલાનું મૃત્યુ થયુ એ અંગે રહસ્ય છે.



## કામરેજમાં પાર્કિંગમાં મૂકેલું ઈલેક્ટ્રિક મોપેડ સળગ્યું

કામરેજ: કામરેજમાં રહેતાં રિદ્ધિબેન સંજય શુકલા બેંકમાં નોકરી કરે છે. ચાર માસ અગાઉ તેમણે ઈલેક્ટ્રિક ઓલા એસ 1 પ્રો નંબર જીજે એનવી 8358 લીધું હતું.

બે દિવસ અગાઉ રાત્રે ઘરના આંગણામાં પાર્ક કરી ચાર્જિંગમાં મૂકીને ઊંઘી ગયા હતા. મોડી રાત્રે આશરે 2 કલાકે અચાનક અવાજ આવતાં ઘરની બહાર આવીને જોતાં ઓલા ઈલેક્ટ્રિક મોપેડ સળગી રહ્યું હોવાથી ફાયર વિભાગને જાણ કરતાં આગ પર કાબૂ મેળવ્યો હતો. પરંતુ આખું મોપેડ સળગી ગયું હતું. આ બાબતે કામરેજ પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ નોંધાવી હતી.

# કીમ ચાર રસ્તા ખાતે શેરડી ભરેલા ટ્રેક્ટરનું ટાયર ફાટ્યું

**જેસીબી** દ્વારા ટ્રેક્ટરને ઊંચકી લઈ સહી સલામત સાઈડમાં ખસેડાતાં રાહત



ઈબ્રાહીમ કાનુ


હથોડા: કીમ ચાર રસ્તા ખાતે વાહન વ્યવહારથી છલકાતા મુખ્ય માર્ગ પર શેરડી ભરેલા ટ્રેક્ટરનું અચાનક ટાયર ફાટતાં અને ટ્રેક્ટર હાલકડોલક થતાં વાહન ચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.

સવારે 10:30 વાગ્યાના સમયે શેરડી ભરેલું ટ્રેક્ટર કીમ ચાર રસ્તાથી પીપોદરા તરફ જઈ રહ્યું હતું. ત્યારે કીમ ચાર રસ્તા સર્કલ નજીક જ ટ્રેક્ટરનું કોઈક કારણસર અચાનક ટાયર ફાટતાં શેરડી ભરેલું વજનદાર ટ્રેક્ટર પલટી મારી જાય તેવી હાલતમાં હાલકડોલક થવા લાગતાં ટ્રેક્ટરની આસપાસના વાહનચાલકોમાં નાસભાગ અને ગભરાટ જોવા મળ્યો હતો. ટ્રેક્ટરનો ચાલક પણ ગભરાઈ ગયો હતો. ઘટના સ્થળે હાજર ટ્રાફિક હોમગાર્ડ જવાનોએ જેસીબી દ્વારા ટ્રેક્ટરને પાછળથી ઊંચકી લઈ રોડની સાઈડમાં ખસેડી લેતાં વાહન ચાલકોના રાહત થઈ હતી.

# જિંદગીનો એન્ડ: 'મને એક કેદીની જેમ રહેવાનું જરાય પસંદ નથી'

**ઉકાઈમાં** પ્રેમી સાથે એક માસથી રહેતી પ્રેમિકાએ પ્રેમસંબંધમાં શંકાને કારણે જિંદગી ટુંકાવી

**એકની** એક દીકરી ગુમાવતાં દીકરીનાં માતાપિતાએ સોનગઢ પોલીસને રજૂઆત કરી



સોનગઢ: ઉકાઈ તાલુકાના ઘાસિયા મેઢા ગામે હૃદય કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા અને હાલ ઉકાઈ તાલુકાના ઘાસિયા મેઢા ગામે રહેતી અને વ્યારા કોલેજમાં અભ્યાસ કરતી એકની એક દીકરીએ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. એક દિવસ દીકરી ભણીગણીને પરિવારનો સહારો બનશે અને પરિવારનું નામ રોશન કરશે એવી આશા રાખનાર મા-બાપ માટે આ ઘટનાએ આભ તૂટી પડ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જી છે.

મૃતક દીકરી નિધી એક માસથી પ્રેમી દર્પણ (રહે., સીશોર, અમરાઈ, સોનગઢ) સાથે રહેતી હતી. નિધીએ આત્મહત્યા કરતા પૂર્વે એક લીટીમાં પોતાના પ્રેમી અંગે લખેલી હકીકત મળી આવી છે, જેને વાંચતા જ પિતાની આંખોમાંથી આંસુ છલકાઈ આવ્યાં હતાં. આ શબ્દો એટલા વ્યથિત કરનાર હતા કે તેને વાંચનાર દરેકનું હૃદય કપાઈ જાય તેવી સ્થિતિ સર્જાઇ હતી. મૃતક દીકરીના પરિવારજનોએ દીકરીના પ્રેમ સંબંધમાં રહેલા યુવક અને તેના પરિવાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે અને સમગ્ર મામલાની નિષ્પક્ષ પોલીસ તપાસ થાય તેવી માંગ ઉઠાવી છે. સાથે જ તેમણે એક જ વ્યથા વ્યક્ત કરી છે કે "અમારી દીકરી સાથે જે બન્યું તે સમાજની બીજી કોઈ દીકરી સાથે ન બને."

પરિવારજનોએ આવેદનમાં આક્ષેપ કરતાં કહ્યું છે કે, નિધીને દર્પણ સાથે પ્રેમ હતો. જે એક મહિનાથી અમારી દીકરીને હેરાન કરતો હતો અને કહેતો હતો કે, તું તારા પપ્પા પાસે પૈસા માંગ મારે ગાડી લેવી છે. જેથી નિધી ડિપ્રેશનમાં રહેતી હતી. આથી ગત તા.4 જાન્યુઆરીએ બપોરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

### શું લખ્યું છે સ્યુસાઇડ નોટમાં

બધા જ તેવા છે ની, ઘરના સારાની. દર્પણ સારો. બધાને મારામાં જ વાંક દેખાય, પણ કોઈ મને સમજવા તૈયાર નથી. એન્ડ મને એક કેદીની જેમ રેવાનું જરાય પસંદ નથી. એ મારા ભાઈ લોકો જોડે પણ શક કરે. બીજું તો હું કેમ. એને મેં જેટલું સમજું છું એ મને નથી સમયજો. મેં મારા મમ્મી પપ્પા બીમાર રેય તો ભી એ લોકોને છોડીને એની પાસે હોઉં છું. મેં મારા મમ્મી-પપ્પાને રડાયવા છે. પણ મારા મમ્મી-પપ્પા ભી કોઈ દિવસ મને નથી સમયજા. બધાને મેં જ કંઈ હેરાન કરવા મળતી છું? એન્ડ હા, મારી ડિપ્રેશનની દવા ચાલતી હતી એ ઓછી થઈ હતી. એના જોડે જઈને પણ ધીરે ધીરે એના લીધે જ વધારે ખરાબ થાય છે. વધારે દવા ચાલે છે. મારાથી એને મારી કંઈ ફિલિંગ ની શેર કરાય. હંમેશા મારા ઘરનાનો વાંક કાઢતા છે. પણ એના ઘરના મારા જોડે હું કરતા છે તે મને ભી બોલતા જ છે કે મારા ઘરના મારા લીધે એને બોલે.

# માંડવીમાં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી થશે

**કલેક્ટર** ડો.સૌરભ પારઘીના અધ્યક્ષ સ્થાને તૈયારીઓની સમીક્ષા બેઠક મળી



હિતેશ પટેલ

માંડવી: આગામી તા.૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી માંડવી તાલુકા મથકે થનાર છે, જેના આયોજન અર્થે કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષ સ્થાને તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. મંત્રીના હસ્તે સોમવારે સવારે ૯ વાગે ધ્વજવંદન સમારોહ યોજાશે. મંત્રી પરેડનું નિરીક્ષણ કરીને લોકોનું અભિવાદન ઝીલીને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છાની આપ-લે કરશે. કલેકટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં નગરપાલિકાના ગ્રાઉન્ડ ખાતે થનાર છે, ત્યારે મેદાનની સફાઈ, સજાવટ અને સુરક્ષા વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પરેડ અને સલામી, પોલીસ દળ, NCC કેડેટ્સ અને હોમગાર્ડ્સ દ્વારા પરેડની રિહર્સલ, ટેબ્લો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેકટરે પ્રજાસત્તાક પર્વમાં વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં જોડાય એ માટેની કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. આ ધ્વજવંદન સમારોહમાં પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓની ધૂન વચ્ચે પોલીસ સહિત અન્ય સુરક્ષા જવાનોની પ્લાટુન પરેડ તથા ટેબ્લોનું નિદર્શન યોજાશે. તદઉપરાંત વિવિધ શાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનારા અધિકારી-કર્મયોગીઓને સન્માનિત કરી પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાશે. સાથે-સાથે ચુંટાયેલા જનપ્રતિનિધિઓ મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનારાઓનું સન્માન કરવામાં આવશે. આ રાષ્ટ્રીય પર્વમાં લોકોને મોટી સંખ્યામાં ભાગીદાર બનવાનો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ છે.

બેઠકમાં સરકારી વિભાગોને સંકલન સાધીને સમયસર તમામ તૈયારીઓ પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર વિજય રબારી, પ્રાંત અધિકારીઓ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**(સાગર- 9427113317)**
દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**અયોધ્યા/ વારાણસી**
/પ્રયાગરાજ ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**ઓમશિવ ટ્રાવેલ્સ**
22 જાન્યુઆરી, (દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, મહાકાળેશ્વર, ઓમકારેશ્વર, સિહોર) 23 જાન્યુઆરી, (શીર્ડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (ડાકોર, શામળાજી, અંબાજી, મોઢેરા, બહુચરાજી) 27 જાન્યુઆરી, રણઉત્સવ, કચ્છ. માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

**સેલ્સ માટે માણસ**
ફૂડ વેચાણના અનુભવી, સેલરી + કમિશન, 8000677977

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC . 9825304506 9825651072

**સુરતના જાણકાર અને**
વિશ્વાસુ જ્વેલર્સને (૧) કોમ્પ્યુટર ઓપરેટર Microsoft Excelના જાણકાર (૨) કેશીયર (૩) રીસેપ્શનીષ્ટ જોઈએ છે. અનુભવીને પ્રાથમિકતા, લાયકાત ધરાવનાર ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧થી ૫ માં રૂબરૂ મળો. ખુશાલભાઈ જ્વેલર્સ, અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. Mo. 8160859341 (757)

**દુકાનના પરચુરણ**
તથા ક્લેરીકલ કામ માટે લેડીઝ- અરજી સાથે મળો સવારે ૧૦ થી ૧૨ માં G/3 ક્રિષ્ના કોમ્પલેક્ષ દિલ્હીગેટ

**સુરતના ખ્યાતનામ**
બિલ્ડરની ઓફિસમાં ટેલિકોલર જોઈએ છે. પગાર 15,000 + કમિશન. સંપર્ક- 8401999721

**ફ્લેટ વેચવાના છે**
» જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે
» ૧૯૫૪ સ્કે ફીટ
» ૩ બેડરૂમ /હોલ/ કીચન
» ૧૩૧૦ સ્કે ફીટ
» ૨ બેડરૂમ /હોલ/ કીચન
મો.નં. 8141577577 9879890021

**વોક ઈન ઈન્ટરવ્યુ**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી NACP- V પ્રોગ્રામ અંતર્ગત ચાલતી સંસ્થા એકતા મહિલા મંડળ સુરત દ્વારા કાર્યરત પ્રોજેક્ટ માટે હંગામી ધોરણે ભરતી કરવાની છે. પોસ્ટ- કાઉન્સેલર- 1, લાયકાત:- M.S.W M.A Psychology, M.A Sociology, પગાર- 16000 +T.A ઈન્ટરવ્યુની તારીખ:- 23/01/2026 સમય સવારે 11:00 કલાકે નીચે દર્શાવેલ સ્થળે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે એડ્રેસ- એકતા મહિલા મંડળ- 2/4387, બીજો માળ, ઈચ્છા મહેતા શેરી, જૂની મહાવીર હોસ્પિટલની બાજુમાં, સગ્રામપુરા, સુરત:- 9586320023

**કાંટાતાર કંપાઉન્ડ**
કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર ઍંગલ મારી તાર મારી આપવામાં આવશે.
સંપર્ક: 9924337821

મિલ્કત જોઇએ છે

**મકાન લેવું છે**
લાલદરવાજા/ મહિધરપુરા આજુ બાજુમાં 38 થી 40 મા મો. 8488968543

મિલ્કત વેચવાની છે

**RCCનું મકાન**
વેચવાનું છે ૨ ગાળા નું ભોંયતળીયુ 3 માળનું, નાનપુરા ધોબીશેરીમાં વ્યાજબી કિંમતે- 9825570197

**ફ્લેટ વેચવાનુ છે**
દસ્તાવેજવાલો ગેસ લાઈન સાથે 2 બેડરૂમ હોલ કિચન (દલાલ આવકાર્ય) પંડોલની પોલ નાણાવટ સુરત Mob- 9879051302- 9979379635, 9898613920 (756)

**બંગલો વેચવાનો છે**
125 વાર 4 BHK કોર્નર
131 વાર 4 BHK કોર્નર
146 વાર 4 BHK ચારેબાજુ કોર્નરનો જબરજસ્ત લોકેશન વાળો બંગલો
જહાંગીરપુરા, પટેલ નગરની સામે 9825928745

**40.75 લાખમાં**
પાલનપુર પાટિયામાં સિલ્વર પ્લાઝામાં 2 બેડરૂમ હોલ કિચનનો ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. દલાલ આવકાર્ય 9727740636 (755)

**ફ્લેટ વેચવાનો છે.**
1- 2 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પર શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195 વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**પ્લોટ વેચવાનો છે**
અડાજણ- પાલ. 9909601200

**ફ્લેટ વેચવાનો છે**
પ્રાઈમ માર્કેટ નજીક આનંદમહલ રોડ, 2 બેડરૂમ, હોલ,કિચન.ગેસ લાઈન વીજળીની સુવિધા સાથે Mo. 9825766433 Whatsapp No + 1 5879213459 (758)

**ઓફિસ વેચવાની છે**
ત્રીજા માળે, આગમ ઈમ્પોરીયા બિલ્ડીંગ ન્યુ ઉધના મગદલ્લા, વીઆઈપી રોડ. Mo. 9825596449 Whatsapp No. + 1 5879213459 (759)

**ફ્લેટ વેચવાનો છે.**
3/ 4 B. H. K. નવું બાંધકામ. અડાજણ- પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.**
નવું બાંધકામ. અડાજણ- પાલ.9909601200

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફીટ, ચાલુ ભાડા સાથે વેચવાની છે, એ, રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપોર કેનાલ રોડ પર, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**દુકાનો વેચવાની છે,**
ઓબેરોન બિઝનેસ હબમાં 725 સ્કેવર ફીટ, મેઈન રોડ પરની બે દુકાનો (ચાલુ ભાડા સાથે) વેચવાની છે, પાલ ગૌરવપથની બાજુમાં, કોન્ટેક્ટ: 9327615071, 9879280988

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ ફાઈનલ ૧૧ લાખ બીજો માળ અનાવિલ શેરી સગરામપુરા 8488968543

**પ્રાઈમ લોકેશનમાં**
ફર્નિચરવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. 2 BHK 1100, સ્કે. ફીટ. મુક્તાનંદનગર ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત. 9825023044 (762)

**60 ફૂટ રોડ ટચ**
બંગલા લાયક પ્લોટ 1000 વાર વેચવાનો છે પીપલોદ 9879100474 (761)

લગ્ન વિષયક

**34 વર્ષની**
પંચાલ ડોક્ટર યુવતી માટે Well Educated યુવક આવકાર્ય. 9512318416

**કેનેડા અમેરિકા સેટલ**
થવા માંગતી લગ્ન ઈચ્છુક કન્યાઓ સંપર્ક કરે શુભ વિવાહ મેરેજ બ્યુરો 9727211122

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સૂચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*